સુવિચાર : તમે જેટલીવાર મોં ખોલો છો એટલીવાર બીજી વ્યક્તિને તમારા મગજની અંદર ડોકિયું કરવાની તક આપો છો... - રજનીશ



મનમોહનસિંહ સામે સમન્સ પર સ્ટે Page-6

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૨ | ૨ એપ્રિલ, ૨૦૧૫, ગુરૂવાર ; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પીએનજી-સીએનજીના ભાવમાં ઘટાડો

## ૩૦ હજાર ગ્રાહકોને ફાયદો : પીએનજીમાં ૧.૧૭નો ઘટાડો અને સી.એન.જીમાં ૬૭ પૈસાનો ઘટાડો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના ૩૦હજારથી પણ વધુ પી.એન.જી. ધારકો માટે અચ્છે દિન આયે હૈ. પી.એન.જી. ગેસના દરમાં ૧.૧૭ નો ઘટાડો કરવામાં આવ્યો છે.

પી.એન.જી.ના દર જે પ્રતિ કિલો ૨૪.૮૩ હતા તે ઘટાડીને હવે ૨૩.૬૬ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્ય સરકારે સી.એન.જી.ના ભાવમાં પણ ૬૭ પૈસાનો ઘટાડો કર્યો છે. જેનાથી શહેરના પાંચેક હજાર જેટલા વાહન-ચાલકોને ફાયદો થશે.

રાજ્યના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકારના પ્રજાલક્ષી અભિગમના પરિણમે સ્થાનિક ગેસની કિંમતોમાં ઘટાડો થતાં તેનો સીધો લાભ રાજ્યના નાગરિકોને મળે તે માટે રાજ્ય સરકારે પગલા ભર્યા છે જેના પરિણામે જીએસપીસી ગેસ કંપનીના પીએનજી અને સીએનજી ગેસના ભાવમાં ઘટાડો કરાયો છે. મંત્રીએ જણાવ્યું છે કે, હાલમાં ગુજરાત રાજ્યમાં પથરાયેલી ગેસ ગ્રીડ દ્વારા ઘરેલું વપરાશકારોને ગેસ પુરો પાડતી શહેરી ગેસ વિતરણ-સીજીડી કંપનીઓને ઘરેલુ પીએનજી ગેસ તથા વાહનો વગેરેમાં વપરાતો સીએનજી ગેસ ભારતમાંથી મળી આવતા સ્થાનિક ગેસ દ્વારા કેન્દ્ર સરકાર પુરો પાડે છે. કેન્દ્ર સરકારે પ્રજાલક્ષી અભિગમ દાખવીને સ્થાનિક ગેસની કિંમતોમાં ઘટાડો કર્યો છે તેનો સીધો લાભ ગુજરાતના પીએનજી ઘરેલુ ગ્રાહકો તથા સીએનજી વપરાશકર્તાઓને મળે તે હેતુથી રાજ્ય સરકાર હસ્તકની જીએસપીસી ગેસ કંપનીએ ૨ એપ્રિલ ૨૦૧૫ના રોજથી પીએનજી ઘરેલુ ગેસ અને સીએનજીના ભાવમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર હવે બીજી એપ્રિલથી ઘરેલુ પીએનજી ગેસનો ભાવ કરવેરા વિના પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર હાલના ૨૪.૮૩થી ઘટીને ૨૩.૬૬નો રહેશે. જ્યારે સીએનજીનો કરવેરા સહિતનો હાલનો રૂપિયા ૪૮.૩૦નો ભાવ ઘટીને ૪૭નો થસે. મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ નિર્ણયથી ૧૦.૫૦ લાખ ઘરેલું પીએનજી વપરાશકર્તાઓને અને ૨.૫૦ લાખ સીએનજી વાહન ધારકો મળી કુલ તેર લાખ ગ્રાહકોને સીધો ફાયદો થશે.



એર-શૉ : અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે ચાર દિવસ માટે યોજાયેલ એર-શૉનો મંગલપ્રારંભ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્યન મંત્રી અશોક ગજપતિ રાજુએ કરાવ્યો હતો. અવનવા રોમાંચક હવાઈ કરતબો દ્વારા આકર્ષણ જમાવ્યું છે.

# ગાંધીનગરમાં વીજદર વધ્યો

## ટોરેન્ટ પાવર દ્વારા યુનિટ દીઠ ૧૫ પૈસા વધારાયા : ૨.૩૬ ટકા જેટલો વીજદર વધતાં ગાંધીનગરાઓનું બજેટ ખોરવાશે : વીજવપરાશ મોંઘો થયો !

ગાંધીનગર, તા. ૧

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ટોરેન્ટ પાવરને ૨.૩૬ ટકા જેટલો ટેરીફના દરમાં વધારો કરવાની અરજી ગ્રાહ્ય રાખતાં ગાંધીનગરના વીજ વપરાશકારોને યુનિટ દીઠ ૧૫ પૈસાનો ભાવ વધારો વેઠવો પડશે.

ટોરેન્ટ પાવર દ્વારા થ્રી ફેઝ રહેણાંકના હેતુ માટેના ગ્રાહકોના ફિક્સ્ડ ચાર્જમાં રૂ. ૫ નો પ્રતિ જોડાણ પ્રતિમાસનો વધારો કરવામાં આવેલ છે. આ વધારાને કારણે ટોરેન્ટ પાવરને રૂ. ૧૫૯.૭૫ કરોડની વધારાની આવકનો અંદાજ મુકવામાં આવેલ છે.

આ ભાવ વધારાની ગંભીર અસરો ગાંધીનગરના વીજ વપરાશકારો પર પડશે. તેમનું બજેટ ખોરવાશે. ગાંધીનગરમાંથી જ રૂ. ૫૦ કરોડથી વધુ આવક આ ભાવ-વધારાને કારણે વીજકંપનીને થશે તેમ મનાઈ રહ્યું છે.

આયોગ દ્વારા બહુવર્ષીય ટેરીફ ઓર્ડરમાં સુરત વિસ્તાર માટે ૫.૧૫ ટકા અને અમદાવાદ વિસ્તાર માટે ૮.૫૦ ટકા ડીસ્ટ્રીબ્યુશન લોસ મર્યાદિત કરેલ. જ્યારે હકીકતે વર્ષ ૨૦૧૩-૧૪માં ટોરેન્ટ પાવર લીમીટેડ ડીસ્ટ્રીબ્યુશન લોસ સુરતમાં ૪.૩૩ ટકા અને અમદાવાદ-ગાંધીનગરમાં ૭.૨૭ ટકાની મર્યાદામાં રાખવામાં સફળતા મેળવેલ છે. જે પ્રશંસનીય છે.

ટોરેન્ટ પાવર લી. દ્વારા અંદાજવામાં આવેલ વર્ષ-૨૦૧૩-૧૪ની રૂ. ૬૭૫.૪૮ કરોડની ઘટ

● અનુસંધાન પાન-૭ પર

CBSE & GUJ. BOARD
Private, Personal & On-line Tuitions
Sir AJIT PILLAI
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108

# ગ્રામીણ અર્થતંત્રમાં પ્રાણ ફુંકવા કૃષિ ક્ષેત્રે વધુ ધિરાણ કરાશે

ગાંધીનગર, તા.૧

જિલ્લાના ગ્રામીણ અર્થતંત્રને વધુ મજબુત બનાવવા તેમજ કૃષિક્ષેત્રના આધુનિકરણ પર નવા વર્ષની ધિરાણ નીતિમાં ભાર મુકવામાં આવ્યો છે.

કૃષિક્ષેત્રના વિકાસની વિપુલ શકયતાઓને ધ્યાને રાખી ૭૦ ટકા જેટલી રકમ તેના ધિરાણ માટે ફાળવવામાં આવી છે. જિલ્લા કલેકટરશ્રી રવિશંકર દ્વારા જારી કરવામાં આવેલ ધિરાણ પ્લાન ગત વર્ષ કરતાં ૧૮ ટકા જેટલો વધારો દર્શાવે છે.

આ ક્રેડિટ પ્લાનમાં ખાનગી બેંકો દ્વારા ધિરાણમાં ઓછો રસ દાખવતાં હોવાના નિર્દેશો મળી રહ્યા છે. કારણ કે કુલ ધિરાણમાં આ બેંકો માત્ર ૮ ટકા જેટલું જ ધિરાણ કરશે તેવું જણાવાયું છે.

લીડ બેંક સ્કીમ સર્વિસ એરિયા એપ્રોચ અંતર્ગત જિલ્લા સ્તરીય સલાહકાર સમિતિ તથા જિલ્લા સ્તરીય સમીક્ષા સમિતિ,

● અનુસંધાન પાન-૭ પર

Mo.091 9574978736
Savoury (GUJ)
Restaurant & Benquet
A.C. PUre Veg.
આપની મુલાકાત એક અવસર બની રહેશે
Fix Lunch 110
Dulex Lunch 130
Unlimited Lunch 180
બેન્કવેટ હોલ કેપેસીટી
50 + 250 વ્યક્તિ
ગ્રુપ ઓફ સુરભી રેસ્ટોરન્ટ નરોડા
બહુ જ ઈકોનોમીક મેનુ રેટ
ખુબ સારું વાતાવરણ તથા પાર્કીંગ
Shop No. 108 to 1007 & 112, Atria Business Hub Complex,
Sarghasan Cross Road, Kh'0' Circle Cross Road,
Gandhinagar-382306

## એર શો ખાતે પાયલોટોના દિલધડક કરતબ જોવા મળ્યા

ગાંધીનગર,તા. ૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એર શોની વિધિવતરીતે શરૂઆત થઈ હતી. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ચાર દિવસ સુધી એર શોનું રોમાંચક આયોજન કરવામાં આવ્યું છે જેનું મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઉદ્‌ઘટાન કર્યું હતું. બીજી બાજુ એર કોન્કલેવનું આયોજન હોટલ હયાતમાં કરવામાં આવ્યું હતું જેમાં કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિરાજુ, આનંદીબેન પટેલ, સૌરભ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જો કે, લોકોમાં મુખ્ય આકર્ષણ રિવરફ્રન્ટ ખાતે એર શો છે જેને જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. અમદાવાદી લોકોના દિલ બ્રિટનથી આવેલા પ્રોપેલર વિમાનના પાયલોટોએ જીતી લીધા હતા. આજથી ગુજરાત એરો કોન્કલેવ ૨૦૧૫નો પ્રારંભ થયો હતો. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિ રાજુએ આ કોન્કલેવનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને પ્રદેશના એવિએશન મંત્રી સૌરભ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પતિના મૃત્યુ પછી બધા ચાલુ શોરૂમ બંધ કરવા પડ્યાં
આના લીધે મેં મારું બધુ વેચીને મારા વતનમાં જવાનો નિર્ણય કરેલ છે.
પતિ દ્વારા લેવામાં આવેલી બેંકલોન તેમ જ ધંધાકીય દેવું ચૂક્તે કરવા માટે શોરૂમ નો સંપૂર્ણ માલ, રેડીમેડ ગાર્મેન્ટ્સ, લેડીઝ અન્ડર ગાર્મેન્ટ્સ, 2014 અને 2015 નો નવો ફ્રેશ સ્ટોક હવે પાણીના ભાવે ગાંધીનગરમાં પ્રખ્યાત પથિકાશ્રમ સેક્ટર-૧૧ માં વેચવાના છે. ગાંધીનગરની જનતાને કલ્પનામાં પણ નહિ આવે કે આટલી મોટી બ્રાન્ડના માલ એકદમ ઓછા ભાવમાં મળી શકે.

જ્યારે પતિ જ નથી રહ્યા તો કંઈ જ નથી
DENIZEN | Hanes | WESTERN TERRAIN | CHARLIE OUTLAW | GUILTY | KOUTONS | COTTON COUNTY
માત્ર 3 દિવસ તા.2, 3 અને 4 એપ્રિલ 2015
મેટ્રો શહેરો જેવા કે મુંબઈ, બેંગ્લોર, પુના, ગોવા, હૈદરાબાદ, જયપુર ની ફેશન પ્રિય ઉત્સુક મહિલાઓની પહેલી પસંદ

કુર્તી અને લેગીન્સ
● રાજસ્થાની પ્રિન્ટ કોટન કુર્તી
● કોટન એમ્બ્રોઈડરી કુર્તી
● લોંગ બાટીક પ્રિન્ટ કુર્તી
● ગોલ્ડ જરીબોર્ડર કુર્તી
● જયપુરી પ્રિન્ટેડ કુર્તી
● લેટેસ્ટ ડિઝાઈનર કુર્તી
રૂા. 375/- થી 650/- સુધીની ડિઝાઈનર કુર્તી માત્ર ₹ 150/-
સ્પે. કાઉન્ટર
આના સિવાય આખા હોલમાં એ ક્લાસ એન્ટ્રી માટે
● સાઉથ કોટન કરાચી સ્ટાઈલ ● લોંગ 3/4 સ્લીવ્ઝ એ લાઈનકટ કુર્તી માત્ર ₹ 300/-
100% કોટન 20 કાઉન્ટ કડાકી સાથે લેગીન્સ માત્ર ₹ 100/-
50 વિવિધ કંપનીઓના 50,000 શર્ટ, ટી-શર્ટ્સ, ટ્રાઉજર્સ, જીન્સ, લેડિજ ટૉપ, કેપરીજ, કિડ્સ વિયર અને અન્ય રેડિમેડ ગારમેંટ્સ વેરાઈટીઓ
સ્વેટર, કાર્ડિગન, જેકેટ, જર્કિન, પુલઓવર, લેડિઝ જેકેટ, સ્વેટ શર્ટ, બાબા સુટ, હાફ જેકેટ, બરમુડા, જીન્સ, ટ્રાઉઝર્સ, લોઅર, શર્ટ, કિડ્સ વેર, લેડિઝ કુર્તી, લેગીન્સ જેવી ઘણી આઈટમો
ઈન્ડિયન એન્ડ ઈમ્પોર્ટેડ બ્રા-પેન્ટી સેલ

બ્રા અને પેન્ટી
જેની કિંમત મોટા મોલ અને હાઈફાઈ શોરૂમમાં ₹ 100 થી ₹ 300 માત્ર ₹ 50/-
* પ્યોર કોટન સ્ટ્રેચેબલ બ્રા/પેન્ટી
* સીલ્ક સેટીન બ્રા/પેન્ટી
* હોઝીયરી કોટન બ્રા/પેન્ટી
* અલ્ટ્રા મોડ ઈમ્પોર્ટેડ બ્રા/પેન્ટી
* કોટન ચીકન બ્રા/પેન્ટી
* ફેન્સી બીકની બ્રા/પેન્ટી
* એમ્બ્રોઈડરી બ્રા/પેન્ટી
સ્પે. કાઉન્ટર
કોઈપણ બ્રા/પેન્ટી ₹ 50/-
ન્યુ જનરેશન લોએસ્ટ જીન્સ પેન્ટી B Cup, C Cup, D Cup બ્રાન્ડેડ હોઝરી ક્લોથ, કોટન પ્રીન્ટેડ ક્લોથ, પ્લેન એક્સપોર્ટ ક્વોલીટી, રેગ્યુલર કપસ બ્રા, ટી-શર્ટ મોલ્ડીંગ કપ બ્રા, સ્પોર્ટસ બ્રા ₹ 50/- અને ₹ 100/- માં ઉપલબ્ધ
₹ 725 વાળી કિંમતની... ઓફિસ વેયર શર્ટ્સ/કુટોન્સ બ્રાન્ડેડ જીન્સ
₹ 850 વાળી કિંમતની... એક્ઝીક્યુટીવ ક્લાસ શર્ટ્સ/બ્રાન્ડેડ ટ્રાઉઝર્સ
₹ 1000 વાળી કિંમતની... અલ્ટ્રા મોર્ડન શર્ટ્સ
₹ 1200 વાળી કિંમતની... યંગ જનરેશન ફેશન શર્ટ્સ
₹ 1250 વાળી કિંમતની... એક્ઝીક્યુટીવ ક્લાસ સ્લીમ ફીટ શર્ટ્સ
માત્ર ₹ 250/- ડેબીટ-ક્રેડીટ કાર્ડ પણ આવકાર્ય
Hanes લેડીઝ અન્ડર ગારમેન્ટ્સ ફક્ત રૂા.50/-
બાળકોના ટીશર્ટ ફક્ત રૂા.50/-
Hanes જેન્ટ્સ અન્ડર ગારમેન્ટ્સ ફક્ત રૂા.70/-
લેડીઝ GUILTY ટૉપ ફક્ત રૂા.150/-
કિડ્ઝ બ્રાન્ડેડ જીન્સ ફક્ત રૂા.200/-
ગાંધીનગર, સેક્ટર-૧૧ હોટલ પથિકાશ્રમ એસ.ટી.ડેપો પાસે, જી.એચ.-૩ સર્કલ, જી.એચ.રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

હાર્દિક અભિનંદન

શ્રી નિશિતભાઈ વ્યાસ
મહામંત્રી તથા પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
આપની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી તથા પ્રવક્તા તરીકે વરણી થતા અમો ગૌરવની લાગણી અનુભવીએ છીએ... ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો તેવી શુભેચ્છાઓ સહ...
હાર્દિક અભિનંદન....
શુભેચ્છક
કનૈયાલાલ પંડ્યા | અશ્વિન ત્રિવેદી
ભરતભાઈ પંડ્યા | પંકજ શુક્લ
મુંજાલ રાવલ | રાજેશ પંચોલી
જયેશ પંચોલી | હરેશ વ્યાસ

ડો. હિમાંશુ વી. પટેલ
પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ